ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સચિવાલય ગેટ પાસે પંચાયતના આરોગ્ય કર્મચારીઓનું હલ્લાબોલ

સચિવાલય ગેટ પાસે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરતા ૨ હજાર કર્મચારીઓ ડીટેઈન

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાંથી પંચાયતના આરોગ્ય સેવાના કર્મચારીઓ પોતાના પડતર માંગણીઓ મુદ્દે સચિવાલયના ગેટ નં-૨ પર હલ્લાબોલ કર્યું હતું. રાજયભરમાંથી આરોગ્ય સેવાના કર્મચારીઓ હજજારોની સંખ્યામાં ઉમટી પડયા હતા. ત્યારે સચિવાલય પાસે સવારથી પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. છેલ્લા ૧૯ દિવસથી હડતાલ પર હોવા છતા પોતાના પ્રશ્નોનો ઉકેલ નહી આવતા સચિવાલય ગેટ પાસે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરતા ૨ હજારથી વધુ કર્મચારીઓની અટકાયત કરવામાં આવી હતી. જયારે ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘના નેજા હેઠળ પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

મળતી વિગત મુજબ રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પંચાયત આરોગ્ય સેવાના કર્મચારીઓના પ્રશ્નો વર્ષોથી ઉકેલાયા નથી. રાજયભરમાં પંચાયતના કર્મચારીઓ છેલ્લા ૧૯ દિવસથી હડલાત પર હોવા છતા તંત્રનુ પેટનુ પાણી હલતુ નથી. ત્યારે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર સહિતની કેડરના કર્મચારીઓને ટેકનીકલ સંવર્ગ ગણી પગાર વધારો આપવો, જાહેર રજા તેમજ રવિવારના દિવસે કરેલી નોકરીનો ૧૩૦ દિવસનો પગાર ચુકવવો તેમજ કોરોના વોરીયર્સ તરીકેનુ માસિક ભથ્થુ આપવું, ૮ કિં.મી. ત્રિજયા રદ કરી ભથ્થામાં વધારો કરવો સહિતની માંગણીઓ છે. ત્યારે આજે રાજયભરમાંથી પંચાયત સેવાના કર્મચારીઓ હજજારોની સંખ્યામાં સચિવાલયના ગેટ પાસે ઉમટી પડયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૨ ઈંચ વરસાદથી સેકટરોમાં પાણી-પાણી

રાત્રિના સમયે ધોધમાર વરસાદી ઝાપટા બાદ આજે પણ દિવસ દરમિયાન ઝરમરિયો વરસાદ યથાવત રહ્યો : સાંજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો વરસાદી વાદળો વિખેરાતા વરાપ નિકળ્યો : શહેરમાં સિઝનનો ૨૫ ઇંચ વરસાદ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ઝરમરિયા વરસતા વરસાદ વચ્ચે ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વરસાદનુ ધોધમાર ઝાપટુ વરસતા શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા જયારે રાત્રિના વરસાદ બાદ સવારે પણ વરસાદી નઝારો યથાવત રહ્યો હતો દિવસ દરમિયાન ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. શહેરમાં વરસાદના લીધે કેટલાક ઠેકાણે વૃક્ષો પણ જમીનદોસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે અત્યાર સુધી સિઝનનો કુલ ૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી શ્રાવણના સરવરિયા વરસતા વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખોબોચિયા ઉભરાયા હતા જયારે ગઈકાલે પણ દિવસ દરમિયાન ઝરમરિયો વરસાદ વરસતો રહ્યો હતો પરંતુ વરસાદી છાંટણના લીધે દિવસના અંતે માંડ ૧૦ મી મી જેટલો વરસાદ થયો હતો જો કે વરસાદી નઝારો નિખરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી મોડી સાંજે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા જયારે રાત્રિના સમયે ધોધમાર વરસાદી ઝાપટાના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠરે વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જયારે કેટલાક ઠેકાણે વૃક્ષો ઘરાશાયી થયા હતા સે-૩ માં ચર્ચ પાસે ના માર્ગ પર એક વૃક્ષ જમીનદોસ્ત થયુ હતુ જયારે સે-૨૦ માં પણ એક વૃક્ષનુ તોતિંગ ડાળુ તુટી પડયુ હતુ. રાત્રિના સમયે મેઘરાજાએ જમાવટ કરી હતી જયારે સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસવાનુ ચાલુ રહ્યુ હતુ જયારે દિવસના અંતે છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૫૨ મીમી અલબત્ત ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. જો કે દિવસના વાદળિયા વાતાવરણ અને ઝરમરિયા વરસાદના અંતે સાંજના સમયે વાતાવરણમાં નાટયાત્મક બદલાવ જોવા મળ્યો હતો. સાંજે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા તડકો નિકળ્યો હતો. વરસાદી નઝારા બાદ અચાનક જ વરાપ નિકળતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો કુલ ૬૨૩ મી મી વરસાદ નોંધાયો છે. જે સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અંદાજિત ૮૦ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. ગઈકાલ રાતના વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરોમાં હવે વરસાદી પાણીનો પણ ઝડપથી નિકાલ થતો નથી જેના લીધે ભીંજારાના માહોલ વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરની હદ વધતાં વધુ એક કરૂણા એમ્બ્યુલન્સ મેળવવા દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મનપા દ્વારા પકડવામાં આવતા પશુઓને સે. ૩૦ ખાતેના ઢોર ડબ્બામાં રાખવામાં આવતા પશુઓના રહેઠાણ, ખોરાક, પાણી બાબતે ચકાસણી કરવા જિલ્લા પશુપાલન અધિકારીને આજે કલેક્ટરે સૂચના આપી છે તેમજ આ બાબતે તાંત્રિક અધિકારી અને પશુ અત્યાચાર નિવારણ સોસાયટીના સભ્યને પણ સાથે રાખવા જણાવ્યુ છે.

જિલ્લા પશુ અત્યાચાર નિવારણ સોસાયટીની આજે કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં વર્ષ ૨૦૨૧-૨૨ના હિસાબોને બહાલી આપવામાં આવી હતી.

આ બેઠકમાં ગાંધીનગર શહેરની હદ વધતાં વધુ એક કરૂણા એમ્બ્યુલન્સ મળે તે માટેની અલગથી દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલી આપવાની સૂચના પણ કલેક્ટરે આપી છે.

આ બેઠકમાં ૨૪-૮-૨૨થી ૩૧-૮-૨૨ સુધી પર્યુષણ પર્વ નિમિત્તે કતલખાના બંધ રહે તે જોવા માટે સરકારે કરેલા પરિપત્રની અમલવારી થાય તેનો પણ આગ્રહ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યો હતો.

તેમણે શહેરી વિસ્તારમાં રખડતા પશુઓ પકડતી વખતે માનવીય અભિગમ રાખવા તેમજ ક્રૂરતા નિવારણ બાબતે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ.

જિલ્લામાં સતત બદલાતી વરસાદી પેટર્ન

૨૦૧૭ અને ૨૦૨૦ કરતાં ઓછો વરસાદ પણ છતાંય જિલ્લામાં આ વર્ષે બુધવાર સુધીમાં ૮૩ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજ સુધીમાં ૮૩.૯૦ ટકા સિઝનનો વરસાદ નોંધાયો છે. વરસાદની પેટર્ન સતત બદલાતી જોવા મળી રહી છે. પહેલાં ૨૦૨૦ની પેટર્ન મુજબ વરસાદ થઈ રહ્યાની વાતો હતી તો આ પછી ૨૦૧૭ની પેટર્ન મુજબ વરસાદ થઈ રહ્યાની વાતો છે. જો કે આ વખતે સારો વરસાદ જરૂર થયો છે પણ ખંડીય વૃષ્ટિ વધુ જોવા મળી રહી છે.

જિલ્લામાં આ ચોમાસા દરમ્યાન આજે સવારના ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૭૩૨ મી.મી., ગાંધીનગરમાં ૪૭૫ મી.મી., કલોલમાં ૭૧૨ મી.મી. અને માણસામાં ૬૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે. સરેરાશ ૬૩૫ મી.મી. વરસાદ આ સિઝનનો નોંધાયો છે. વરસાદી દિવસો વધ્યા છે અને સતત વરસાદી વાતાવરણને કારણે ખેડૂતોની પરેશાનીઓ પણ વધી છે.

આંકડા વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં સતત વરસાદી પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં હળવો અને મધ્યમ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ખંડીય વૃષ્ટિના પણ બનાવો જોવા મળી રહ્યા છે. જો કે સતત ભેજવાળુ અને વરસાદી વાતાવરણને કારણે જિલ્લામાં રોગચાળાનો ભય ઉભો થવા પામ્યો છે.

જિલ્લામાં ૨૪ ઓગષ્ટના રોજ ૨૦૨૧માં સરેરાશ ૨૦૭ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૨૭ ટકા જેટલો થાય છે.

૨૦૨૦ના રોજ આજ દિવસે સરેરાશ ૭૨૮ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૯૩.૨૦ટકા વરસાદ થાય છે. ૨૦૨૦માં દહેગામમાં ૮૧૫, ગાંધીનગરમાં ૬૬૩, કલોલમાં ૬૭૨, માણસામાં ૭૬૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૯માં આજ દિવસે સરેરાશ ૪૮૪ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૬૨.૮૯ટકા થાય છે.

૨૦૧૮માં જિલ્લામાં સરેરાશ ૨૭૯ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૩૫.૫૧ ટકા થાય છે.

૨૦૧૭માં જિલ્લામાં સરેરાશ ૧૦૫૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. સીઝનનો આ વર્ષે

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૮ અને ૨૯ માં ૪૦૦ જોખમી મકાનો તોડવામાં આવશે

જોખમી મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવા માટે ઝડપથી સાઇટની પસંદગી કરવામાં આવતી નથી

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં એકબાજુ નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે શહેરમાં વર્ષો જુના અને જોખમી હાલતમાં જોવા મળતા કંગાળ આવાસો તોડવામાં પણ આવી રહ્યા છે. સેકટરોમાં આવાસો તોડવાના મામલે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. સે-૨૮ અને સે-૨૯ માં પણ જ, છ એન ચ કક્ષાના વિવિધ જોખમી આવાસો તોડવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરવામાં આવશે અંદાજિત ૪૦૦ જેટલા મકાનો તોડવાની કામગીરી હાથ ધરાશે આ આવાસો કંગાળ અને ભયજનક સ્થિતિમાં છે. સેકટરોમાં જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે પરંતુ નવા મકાનો બાંધવા માટે ઝડપથી સાઈટ પસંદ કરવામાં આવતી નથી.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના હવે રહેણાંકને લાયક રહ્યા નથી. શહેરના વિવિધ ૮ હજાર જેટલા આવાસોમાં હાલ કર્મચારીઓનો વસવાટ છે. જયારે સેકટરોમાં ફાળવવામાં આવેલા આવાસો પૈકી ઘણાં મકાનો અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે કર્મચારીઓને રહેણાંક માટે આવાસ ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે જુના અને જોખમી આવાસો તોડીને નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. સે-૭ સે-૬ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે ત્યારે હજુ પણ શહેરમાં નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસોના નિર્માણ માટે નવા ટાવરો ઉભા કરવામાં આવનાર છે. જો કે જુના મકાનો તોડવામાં આવ્યા બાદ પણ ખુલ્લી થયેલી જગ્યા મુજબ સાઈટની પસંદગીમાં પણ વિલંબ થઈ રહ્યો છે. જેના લીધે નવા આવાસો બાંધવાની યોજના પણ ઝડપથી પુર્ણ થઈ શકતી નથી. આ સ્થિતિ વચ્ચે જુના આવાસોનો પણ તબક્કાવાર નિકાલ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

વનતંત્રની બેદરકારીના લીધે સેકટરોમાં ઉભા સુકા વૃક્ષો ગમે ત્યારે જાનલેવા બને તેવી દહેશત

સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરાયુ નથી : વન આરક્ષિત વિસ્તારમાં પણ ઠેર ઠેર તુટેલી ફેન્સીંગ વચ્ચે ગંદકી અને રખડતા ઢોર વચ્ચે દબાણોનો અડ્ડો : સ્થાનિકો ફરિયાદો કરીને થાકી ગયા છતા વનતંત્રની નિરસતા : સેકટરવાસીઓ આગ બબુલા

ગાંધીનગર તા ૨૪

એક સમયે સમગ્ર વિશ્વામાં હરિયાળા શહેર તરીકે જાણીતા

નગરમાં એકબાજુ સ્થાનિકો પર્યાવરણ પ્રેમ દાખવી નગરની હરિયાળીનુ જતન અને રક્ષણ કરવા ઉત્સુક અને પ્રયત્નશીલ છે. ત્યારે વન મહોત્સવના ફોટોજનિક ફંકશનની ઉજવણી કરી શહેરમાં હરિયાળીનુ જતન અને રક્ષણ કરવાના મામલે વનતંત્ર સદંતર નિરસતા દાખવી રહ્યુ હોવાનો જન આક્રોશ પ્રબળ બન્યો છે. તુટેલી ફેન્સીંગના લીધે રખડતા ઢોર અને દબાણોનો અડ્ડો બનેલા વન આરક્ષિત વિસ્તારમાં જ હરિયાળીનો સોથ વળી રહ્યો છે. બીજીતરફ સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જયારે ઉભા સુકા વૃક્ષો પણ જોખમી હાલતમાં હોવાથી વરસાદી સંજોગોમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી દહેશત છે. આમછતા વનતંત્રના પેટનુ પાણી હલતુ નથી સ્થાનિકો ફરિયાદ કરી થાકી ગયા છે. પરંતુ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વનતંત્ર સ્વીચ ઓફ મોડમાં હોય તેવી સ્થિતિ છે. જેના લીધે આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી વરસાદી દિવસોમાં વૃક્ષોની તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પર લટકતી જોવા મળે છે. બીજીતરફ ફુટપાથ પર પણ વોકીંગ ન કરી શકાય તેવી સ્થિતિ છે. જયારે શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં ઉકરડા ખડકાયા છે. ફેન્સીંગના અભાવે વન આરક્ષિત વિસ્તારમાં રખડતા ઢોરનો અડ્ડો છે. જયારે હરિયાળીનુ પણ નિકંદન વળી રહ્યુ છે. પરંતુ તુટેલી

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ખોદકામના અંતે માટી તેમજ કાટમાળનો કચરો ગટરલાઈનમાં ભરાતા સમસ્યા

છેલ્લા કેટલાક સમયથી ખોદકામ બાદ ગટર લાઇનની ફરિયાદોનુ પ્રમાણ વધ્યુ : નવી લાઇન નાંખવાનુ કામ ચાલુ પરંતુ હજુ કામ પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં પાણી ગટર લાઇન નવી નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આ માટે લાઇન સંદર્ભે સેકટરોમાં ખોદકામ શરૂ કરાયુ છે. સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલા વિકાસ કામો અન્વયે આડેધડ ખોદકામના લીધે માટી અને બાંધકામનો કાટમાળ યોગ્ય રીતે નિકાલ ન થતા અન્ય સમસ્યાઓ ઉભી થવા પામી છે. જેના લીધે ડામર માટી અને કાટમાળ ગટરની કુંડીઓ અને સાંકડી પાઈપલાઈનમાં ભરાઈ જતા ગટરો ઉભરાવાની સમસ્યા વધુ પેચીદી બની છે. જેના લીધે સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો વધી છે.

શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે અંદાજિત રૂ ૨૦૦ કરોડના ખર્ચે ગટર લાઇનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે શહેરમાં નવી લાઇન નાંખવામાં આવી હતી જે સેકટરની વસતી અને વિકાસ મુજબ હતી અલબત્ત ૫૦ હજારની વસતીને ધ્યાનમાં રાખીને લાઇન નાંખવામાં આવી હતી હાલની સ્થિતિએ ૨ લાખની વસતી મુજબ આ લાઇન સક્ષમ ન હોવાના લીધે સાંકડી લાઇનના અનેક સમસ્યાનુ કારણ બની છે. જો કે નવી લાઇન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવતા આગામી દિવસોમાં આ સમસ્યાનો અંત આવી જશે. પરંતુ યોજના પુર્ણ થતા હજુ બે વર્ષ જેટલો લાંબો સમય લાગશે ત્યાં સુધી જુની લાઇન પર આધાર રાખવો પડશે. છેલ્લા બે વર્ષ દરમિયાન પાટનગરમાં ગટર લાઇનની સમસ્યા સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે.

● અનુસંધાન પાન-૭ પર

કુડાસણમાં ૩ વર્ષની દિકરી સ્વાઈન ફ્લુમાં સપડાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૨૧ થઈ છે.

શહેરમાં આજે એક કેસ ૩ વર્ષની બાળાનો નોંધાયો છે. શહેરમાં હવે સ્વાઈન ફ્લુમાં બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે.

આજે કુડાસણ ગામમાંથી ૩ વર્ષની બાળાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બાળાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બાળાની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે બાળ દર્દીની સંખ્યા ૩ થઈ છે.

શહેરમાં કોરોનાના ૧૦ અને ગ્રામ્યમાં ૫ કેસ

કલોલમાં 3 અને ગાંધીનગર ગ્રામ્યમાં બે કેસ નોંધાયા : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં 3, સરગાસણમાં ૨ ઉપરાંત કોબા, સે. ૧, ૩૦, ૨, ૨૧માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ પુનઃ ગતિ પકડી છે. શહેર-જિલ્લામાં કોરોનાના આજે નવા ૧૫ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૧૦ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાની આ ચોથી લ્હેરમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. કેસો ઘટ્યા પછી તેમાં ધીમી ગતિએ ઉછાળો આવે છે. સતત ચડાવ-ઉતારની સ્થિતિને લઈ તંત્રની ચિંતા ઓછી થઈ નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો હોવા ઉપરાંત હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે પણ લોકલ ટ્રાન્સમિશન નિયંત્રણમાં નથી આવતુ અને કેસો વધી રહ્યા છે. જો કે નોંધાતા દર્દીઓમાં લક્ષણો હળવા જોવા મળી રહ્યા હોવાથી તંત્રને રાહત જરૂર છે.

આજે ૧૫ કેસ નોંધાયા છે અને ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૨ દર્દીઓ અને ગ્રામ્યમાં ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. એક જ સપ્તાહમાં નોંધાયેલા દર્દી અને રિકવર થયેલા દર્દીઓ બીજીવાર એક સરખા થયા છે જે એક યોગાનુયોગ ઘટના નોંધાઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા પાંચ કેસ નોંધાયા છે. પ્રથમ ત્રણ લ્હેર દરમ્યાન સંવેદનશીલ તાલુકા ગાંધીનગર અને કલોલમાં જ આ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે કેસ ગાંધીનગર તાલુકામાં તો ૩ કેસ કલોલ તાલુકામાં નોંધાયા છે. આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં કસ્તુરીનગરમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત હોટ સ્પોટ બનેલ અડાલજમાંથી પણ એક કેસ નોંધાયો છે.

કલોલ તાલુકાના મોટી ભોંયણ, સબાસપુર અને ખાત્રજ ગામેથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા ૨૯ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૧૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૪ મહિલા દર્દી તેમજ એક દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા બધા દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસને અંતે જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૩, સરગાસણમાં ૨ ઉપરાંત કોબા, સે. ૧, ૩૦, ૨, ૨૧માંથી કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં ૧૫ થી ૪૫ વર્ષના વયજૂથમાં કોરોનાના ૬૬૮ કેસ નોંધાયા

૫૪ દિવસમાં ૧૦૭૨ કેસ, ૫૮૨ પુરૂષ દર્દી અને ૪૯૦ મહિલા દર્દી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૫૪ દિવસમાં ૧૦૭૨ કેસ નોંધાયા છે. જેમાં ૫૮૨ પુરૂષ દર્દી અને ૪૯૦ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ચોથી લ્હેરમાં કોરોનાના કેસો વધ્યા છે પણ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો રહ્યો છે. જિલ્લામાં આ બે મહિનામાં કોરોનાની સારવાર દરમ્યાન એક જ દર્દીનું મોત થયુ છે. રિકવરી રેટ પણ ૯૨ ટકાથી ઉપરનો નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કેસ ૧૫ થી ૪૫ વર્ષના વયજૂથમાં નોંધાયા છે. આ વયજૂથમાં ૬૬૮ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૦ થી ૫ વર્ષની વયજૂથમાં ૨ કેસ, ૬ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૪૬ કેસ, ૧૫ થી ૪૫ વર્ષના વયજૂથમાં ૬૬૮ કેસ, ૪૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૨૪૬ કેસ અને ૬૦ વર્ષથી વધુ વયના ૧૧૦ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સૌથી વધુ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે. આ બે મહિનામાં કલોલ અને ગાંધીનગરમાં જ વધુ કેસ નોંધાયા છે. આ પછી દહેગામ અને માણસા આવે છે. જિલ્લામાં સરેરાશ રોજના ૫૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com